ભા.કૃ.અનુ.પ.- મગફળી સંશોધન નિદેશાલય

જુનાગઢ ૩૬૨ ૦૦૧ ગુજરાત

# મગફળીમાં ઘેણ(મુંડા)નુ સંકલિત વ્યવસ્થાપન

મગફળીમાં ઘેણ(મુંડા)ના સંકલિત વ્યવસ્થાપન માટે નીચેની બાબતો નુ ધ્યાન રાખવું જોઈએ:

૧. નિયંત્રણની યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ

૨. યોગ્ય સમયે યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ

૩. યોગ્ય જંતુનાશકની પસંદગી

૪. યોગ્ય જંતુનાશકની યોગ્ય માત્રામાં ઉપયોગ

## યજમાન વૃક્ષ પર ઘેણ(મુંડા)ના પુખ્ત  કીટકનું નિયંત્રણ

ઘેણ(મુંડા)ના પ્રકોપથી પાકને બચાવવા માટે પુખ્ત કીટકનું નિયંત્રણ એ સસ્તો અને અસરકારક ઉપાય છે. આથી પરીયાવરણમા નુકસાન ઓછું થાય છે. જંતુનાશક દવા ઓછા પ્રમાણમાં જરૂર પડે છે. આ પ્રક્રિયામા  સાંજના સમયે જયારે પુખ્ત  કીટકો બહોળી સંખ્યામાં યજમાન વૃક્ષો પર બેસે ત્યારે કરવામાં આવે છે. આ માટે ૨૦ મીટરના વિસ્તારમાં એક યજમાન વૃક્ષને પસંદ કરવું. પસંદ કરેલ યજમાન વૃક્ષ પર અહી દર્શાવેલ જંતુનાશક દવાઓ (ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૧.૫ એમએલ પ્રતિ લીટર અથવા કાર્બારીલ ૫૦ ડબલ્યું પી ૪.૦ ગ્રામ પ્રતિ લીટર અથવા ક્વીનાલ્ફોસ ૨૫ ઇસી ૨.૦ એમએલ પ્રતિ લીટર) માંથી એકનો છંટકાવ વરસાદ બંધ પડ્યા બાદ સાંજના સમયે કરવો. આ સમયે યજમાન વૃક્ષ પર ફેરોમેન રસાયણ વાળા ૩-૪ સ્પોંજના કટકા લગાવવા કે જેથી જમીનમાંથી નીકળીને પુખ્ત કીટક યજમાન વૃક્ષ તરફ આકર્ષાશે અને દવા વાળા પાનને ખાશે અને નાશ પામશે. વૃક્ષ પર ફેરોમેન રસાયણ વાળા સ્પોંજના કટકા ૪-૫ વખત વારંવાર સાંજના સમયે લગાવવા. આ ફેરોમોન રસાયણ મેથોક્ષી બેન્ઝીન (એનીસોલ)ના નામે બજારમાં ઉપલબ્ધ છે.

## વરસાદ આવ્યા પહેલાની તૈયારીઓ:

ઘેણ(મુંડા)ના પુખ્ત  કીટકના  નિયંત્રણ માટે યજમાન વૃક્ષની પસંદગી ઉપરાંત દવા છંટકાવ કરવા માટે નો પંપ, સ્પોન્જના  કટકા, ફેરોમોન રસાયણ વગેરેની  વ્યવસ્થા વરસાદ આવ્યા પહેલા કરાવી.

## ઘેણ(મુંડા)ની ઈયળનુ નિયંત્રણ:

### વાવણી વખતે:

વરસાદ આવ્યા બાદ વાવણી કરતી વખતે ઘેણ(મુંડા)ની ઈયળના નિયંત્રણ માટે મગફળીના બીજને ડેનટોસ્તુ ૫૦ ડીજી ૨ ગ્રામ પ્રતિ કિગ્રા બીજ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસ એલ ૩ એમએલ પ્રતિ

કિગ્રા બીજ અથવા ઈમીડાક્લોપ્રીડ ૬૦૦ એફએસ ૬.૫ એમએલ પ્રતિ કિગ્રા બીજ અથવા ક્વીનાલ્ફોસ ૨૫ ઇસી ૨૫ એમએલ પ્રતિ કિગ્રા બીજ પ્રમાણે માવજત આપવી. ઘેણ(મુંડા)ની ઈયળના નિયંત્રણ માટે આ જંતુનાશક દવાઓ ખુબજ યોગ્ય છે.

મગફળીના બીજને ડ્રમ, માટલુ અથવા પ્લાસ્ટિક થેલીમાં નાખીને માવજત કરાવી. માવજત કરેલા બીજને પ્લાસ્ટિકની ચાદર કે સિમેન્ટના ધાબા પર છાયામાં ૨-૩ કલાક સુકવીને તેજ દિવસે તરતજ વાવવા, નહીતો બીજના અંકુરણમાં આડ અસર જોવા મળશે.

<u>ઉભા પાકમાં:</u>

પુરતા વરસાદ પછી અને પુખ્ત કીટકો જમીન માંથી નીકળ્યા બાદ ૨૧ દિવસે નીચે જણાવેલ દવા જમીનમાં નાખવી જોઈએ. આ માટે છોડવા સુકાવાની રાહ ન જોવી. ઉભા પાકમાં ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩૦૦ એમએલ પ્રતિ હેકટર અથવા ક્વીનાલ્ફોસ ૨૫ ઇસી ૪ લીટર પ્રતિ હેકટર પ્રમાણે રેતી મા ભેળવી જમીનમાં નાખી પાકને પાણી આપવું.

<u>બાજરા ઘેણ(મુંડા)નુ નિયંત્રણ:</u>

ફોરેટ ૧૦ જી ૩ કિગ્રા પ્રતિ કિગ્રા બીજ સાથે ભેળવીને વાવેતર કરવું.

<u>અન્ય પાકોમાં ઘેણ(મુંડા)નુ નિયંત્રણ:</u>

જ્યાં ઘેણ(મુંડા)નો પ્રકોપ દર વર્ષે જોવા મળે છે ત્યાં ચાસમાં ફોરેટ ૧૦ જી ૨૫ કીગ્રા પ્રતિ હેકટર અથવા ક્લોરોપાઈરીફોસ ૧૦ જી ૨૦ કીગ્રા પ્રતિ હેકટર અથવા ક્વીનાલ્ફોસ ૫ જી ૩૦ કીગ્રા પ્રતિ હેકટર નાખીને વાવણી કરવી.

<u>પાક અથવા ચારા લણણી બાદ ઘેણ(મુંડા)નુ નિયંત્રણ:</u>

પાક અથવા ચારાની લણણી બાદ ઓગષ્ટ મહિનાની મધ્યમાં જમીન પલટાવી શકે તેવા હળ વડે જમીન ખેડવી જેથી ઘેણ(મુંડા)ની ઈયળ જમીન પર આવશે અને તેને પક્ષીઓ વીણીને ખાઈ જશે.

<u>સંપર્ક:</u>

૧. ડૉ. વી. કે. અગરવાલ, અખિલ ભારતીય ભૂગર્ભ કીટક નેટવર્ક પરિયોજના, કીટક શાસ્ત્ર વિભાગ, રાજસ્થાન કૃષિ સંશોધન સંસ્થા, દુર્ગાપુરા, જયપુર. મો. ૦૯૪૬૦૩૮૦૧૦૩
૨. ડૉ. એ. એસ. બલોદાય આચાર્ય, અખિલ ભારતીય ભૂગર્ભ કીટક નેટવર્ક પરિયોજના, કીટક શાસ્ત્ર વિભાગ, રાજસ્થાન કૃષિ સંશોધન સંસ્થા, દુર્ગાપુરા, જયપુર. મો. ૦૯૪૧૪૦૬૫૦૯૧
૩. ડૉ. હરીશ જી., ભા.કૃ.અનુ.પ.-મગફળી સંશોધન નિદેશાલય, ઇવનગર રોડ, જુનાગઢ ૩૬૨ ૦૦૧ ગુજરાત. મો. ૦૮૯૮૦૫૩૦૭૩૯